રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂક પામેલા ફીકસ પગારના કર્મચારીઓને મળવાપાત્ર ચાર્જ એલાઉન્સ બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ- FD/HSB/e-file/4/2025/1580/Z1(Economy)
સચિવાલય, ગાંધીનગર.
તા.:- ૨૪/૧૧/૨૦૨૫

સંદર્ભઃ-

(૧) નાણા વિભાગનો તા.૨૦/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧
(૨) નાણા વિભાગનો તા.૨૮/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ.૧
(૩) નાણા વિભાગનો તા.૩૧/૦૧/૨૦૧૮નો પરિપત્ર ક્રમાંકઃ ખરચ/૧૦૨૦૧૭/૧૭૯૬/ઝ.૧
(૪) નાણા વિભાગનો તા.૧૮/૧૦/૨૦૨૩નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૪/ઝ.૧

પ્રસ્તાવનાઃ-

નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવ અંતર્ગત રાજય સરકારની કચેરીઓ ખાતે વર્ગ-૩ અને વર્ગ-૪ ની સીધી ભરતીની જગ્યાઓ ઉપર નિયત ભરતી પ્રક્રિયા ધ્વારા નિમણૂક પામેલ ફીકસ પગારના કર્મચારીઓને સંદર્ભ ક્રમાંક-(૧) થી (૩) સામેના ઠરાવો/પરિપત્રથી કરેલ સ્પષ્ટતા મુજબ "વધારાની કામગીરી માટે મહેનતાણા" અંગેની જોગવાઈ થયેલ છે.

હાલમાં રાજય સરકારના ફીકસ પગારના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓને સંદર્ભ ક્રમાંક-(૧) થી (૩) માં થયેલ જોગવાઇ મુજબ તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવથી નકકી કરવામાં આવેલ ફીકસ પગાર ઉપર વધારાનું મહેનતાણું (ચાર્જ એલાઉન્સ) ચૂકવવામાં આવે છે. ફીકસ પગારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓ માટે સંદર્ભ ક્રમાંક-(૧) માં દર્શાવેલ તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવથી નકકી કરવામાં આવેલ ફીકસ પગારમાં સંદર્ભ ક્રમાંક-(૪) સામેના ઠરાવથી સુધારો કરવામાં આવેલ છે, પરંતુ ચાર્જ એલાઉન્સ હાલમાં પણ તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવથી નકકી કરવામાં આવેલ ફીકસ પગાર મુજબ ગણતરી કરીને ચુકવવામાં આવે છે. આથી,

ફીક્સ પગારના કર્મચારીઓમાં કામ કરવાનો ઉત્સાહ જળવાઈ રહે તે હેતુથી ફીકસ પગારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓને સોપવામાં આવેલ સમાન અથવા ઉપલી જગ્યાના વધારાના હવાલા માટે મળવાપાત્ર ચાર્જ એલાઉન્સમાં સુધારો કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

-: પરિપત્ર :-

પુખ્ત વિચારણાને અંતે રાજય સરકારની કચેરીઓ ખાતે વર્ગ-૩ અને વર્ગ-૪ ની સીધી ભરતીની જગ્યાઓ ઉપર નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂક પામેલ ફીકસ પગારના કર્મચારીઓને મળવાપાત્ર ચાર્જ એલાઉન્સ માટે સંદર્ભ ક્રમાંક: (૧) થી (૩) ના ઠરાવો/પરિપત્રથી નિયત થયેલ જોગવાઈ રદ્દ કરીને તેમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

"નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવથી ફિક્સ પગારની નીતિ અંતર્ગત રાજય સરકારની કચેરીઓ ખાતે વર્ગ-૩ અને વર્ગ-૪ની સીધી ભરતીની જગ્યાઓ ઉપર નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂક પામેલ ફીકસ પગારના કર્મચારીઓને સમાન અથવા ઉપલી જગ્યાનો વધારાનો હવાલો સોંપવામાં આવે તો આ ફિક્સ પગારના કર્મચારીઓને મળવાપાત્ર પ્રવર્તમાન મહેનતાણાના અનુક્રમે પાંચ ટકા/દસ ટકા વધારાનું મહેનતાણું (ચાર્જ એલાઉન્સ) મળવાપાત્ર થશે."

આ પરિપત્રનો અમલ પરિપત્ર પ્રસિદ્ધ થયા તારીખથી કરવાનો રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. નિસર્ગ જોષી)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

➢ સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

➢ માન. રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

➢ માન. સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ.

➢ માન. વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

➢ મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

➢ સચિવાલયના સર્વે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

➢ સર્વે ખાતાના વડાઓ.

➢ એકાઉન્ટ જનરલશ્રી (ઓડીટ), ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.

➢ એકાઉન્ટ જનરલશ્રી (એ. એન્ડ ઈ.), ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.

➢ નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.

➢ પગાર અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

➢ વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર / વડોદરા / રાજકોટ / ભાવનગર /અમદાવાદ.

➢ સર્વે નાણા સલાહકારશ્રીઓ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

➢ નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ (નાણા શાખાઓ સહિત), સચિવાલય, ગાંધીનગર.

➢ સીસ્ટમ મેનેજરશ્રી તરફ નાણા વિભાગની વેબસાઈટ ઉપર આ પરિપત્ર મૂકવાની વિનંતી સાથે.

➢ સિલેકટ ફાઈલ ઝ.૧ શાખા.

---

❖ પત્ર ધ્વારા.